**રે.દી.મુ.નં. ૭/૨૦૨૩**

## :: આંક– ૬ નીચે હુકમ ::

**૧.** હાલની અરજી વાદીના વિ.શ્રી દવારા સી.પી.સી. ઓર્ડર .૨૬ , રૂલ –૯ મુજબ જીલ્લા જમીન માપણી અધીકારી દવારા વાદગસ્ત જગ્યાની સ્થળસ્થિતીની માપણી કરાવવા કમીશ્નર તરીકે નીમણુક કરી, માપણી કરવા આદેશ કરવા અરજ કરેલ છે અને સ્થળ સ્થિતીનુ પંચનામુ તથા નકશો તૈયાર કરવા આદેશ કરવા તેમજ મહેનતાણાની રકમ ભરવા ખુશી હોવાનુ જણાવેલ છે.અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**૨.** અરજીના કામે પ્રતીવાદી નં. ૧ થી ૩ ના વિ.વ.શ્રી દવારા અરજી ઉપર કોઈ શેરો કરી વાંધો હોવાનુ દર્શાવેલ છે અને જણાવેલ છે કે હાલની અરજી વાદી પક્ષે દાવાઅરજી સાથે રજુ કરેલ છે અને રોજકામ દયાને લેતા વાદીનો સોગંદ ઉપર નો પુરાવો તથા દસ્તાવેજો રજુ થયા પછીથી હાલની અરજી નો નિર્ણય કરવા કોર્ટ સમક્ષ લાંબા સમય પછી રજુઆત કરેલ હોય અરજી ના–મંજુર કરવા અરજ તથા શેરો કરેલ છે.

**૩.** પ્રતી. નં. ૪ તથા ૫ ના વિ.વ.શ્રી. કે પક્ષકારો હાજર નથી. અરજી ઉપર કોઈ વાંધા વીરોધ રજુ કરવા હાજર રહેલ નથી.

**૪.** હાલની અરજી વાદી વી.શ્રી. દાવાઅરજી દાખલ કરી તે સાથે રજુ કરેલ છે.રોજકામ દયાને લેતા આંક– ૫ ની અરજીનો નિર્ણય થયા પછી વાદીપક્ષનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે અને સાક્ષીની ઉલટતપાસનુ સ્ટેજ ચાલી રહેલ છે. દાવાઅરજીની દાદ તથા પ્રતી.નો જવાબ દયાને લેતા તથા વાદગ્રસ્ત મીલકત વડીલોપ્રાજીત મીલકત હોવાનુ દયાને લેતા તથા વાદીનો પુરાવો રજુ થવાનુ સ્ટેજ દયાને લેતા તેમજ સક્ષમ ઓથોરીટી દવારા વાદગ્રસ્ત જગ્યાનુ સ્થળપરીક્ષણ તથા પંચનામુ કરવામાં આવે તો તેમા કોઈપણ પક્ષકારને પુર્વગ્રહ થાય તેમ જણાઈ આવતુ નહી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ

કરવામાં આવે છે.

**: હુકમ :**

- આંક– ૬ ની અરજી મંજુર કરવામાં આવે છે.
- આંક– ૧ તથા આંક– ૬ માં દર્શાવેલ વાદગ્રસ્ત જમીનની ડી.આઈ.એલ.આર. મારફતે માપણી તથા પંચનામુ તથા નકશો તૈયાર કરવા સબંધે યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ડી.આઈ.એલ.આર. કચેરીએ હુકમ ની યાદી તથા આંક– ૧ તથા આંક– ૬ ની નકલ મોકલી આપવી.
- વાદી પક્ષે કામગીરી સબંધેની ડીપોઝીટ ની રકમ રૂ. ૭,૦૦૦/– કોર્ટમાં જમા કરાવવા.
- કામગીરીના મહેનતાણા સબંધે માહીતી રજુ થયેથી મહેનતાણાની રકમ નકકી કરવામાં આવશે. જે વાદીને બંધન કર્તા રહેશે.
- કામગીરી પુર્ણ કરી વીગતસર રીપોર્ટ તા. ૨૮/૧૧/૨૦૨૪ સુધીમાં બીનચુક રજુ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

બાકોર.
તા. ૨૨– ૧૦ –૨૦૨૪

**(એસ.જે.મેમણ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ , મુ. બાકોર
(કોડ નં.જી.જે. ૦૧૩૫૩)

પ્રિન્સીપાલ સીવીલ જજ , મુ. બાકોર